પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૫૪ | ૮ માર્ચ, ૨૦૨૨, મંગળવાર; ફાગણ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રશિય-યુક્રેન યુદ્ધને ડામવા ભારતના પ્રયાસ

## નરેન્દ્ર મોદીએ પુતિનને યુક્રેન સાથે સીધી વાતચીતનો આગ્રહ કર્યો : મોદીએ પુતિન સાથે ૫૦ અને ઝેલેન્સ્કી સાથે ૩૫ મનિટ વાત કરી, ભારતીયોને યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાંથી સલામત કાઢવામાં મદદની પુતિનની ખાતરી



નવી દિલ્હી, તા.૭

રશિયા-યુક્રેન વચ્ચે આજે ૧૨મા દિવસે પણ યુદ્ધ ચાલુ છે. દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ યુદ્ધને ડામવા માટે સ્વયંભૂ પ્રયાસો કર્યા છે. વડાપ્રધાનેએ આજે બંને દેશોના રાષ્ટ્રપતિ સાથે લાંબી વાતચીત કરી હતી. મોદીએ આજે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકી બાદ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે વાતચીત કરી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લગભગ ૫૦ મિનિટ સુધી ચાલેલા ફોન કૉલ પર, યુક્રેન-કિવ યુદ્ધ વચ્ચે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકી સાથે સીધી વાતચીત કરવા વિનંતી કરી છે. પીએમના કહેવા પ્રમાણે, આ યુદ્ધનો ઉકેલ સીધી વાતચીતથી જ મળી શકે છે.

રશિયાએ ૨૪ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ કર્યું ત્યારથી મોદી અને પુતિન વચ્ચે આ બીજી વાતચીત છે. આજે રાષ્ટ્રપતિ પુતિને પણ વડાપ્રધાન મોદીને યુક્રેન અને રશિયા વચ્ચેની વાતચીતની સ્થિતિ વિશે માહિતગાર કર્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# રશિયા દ્વારા યુક્રેનના કેટલાક શહેરોમાં યુદ્ધ વિરામ જાહેર

## રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધના ૧૨ દિવસ : ફ્રાંસના રાષ્ટ્રપતિ મૈક્રોંની વિનંતીને માન આપીને રશિયાએ સીઝફાયરની જાહેરાત કરી : હ્યુમન કોરિડોર બનાવાશે

કીવ, તા.૭

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનો આજે ૧૨મો દિવસ છે ત્યારે સોમવારે રશિયાએ અમુક કલાકો માટે સમગ્ર યુક્રેનમાં સીઝફાયરની જાહેરાત કરી છે. સ્પુતનિકના અહેવાલ પ્રમાણે ૧૨:૩૦ કલાકથી આ સીઝફાયરની શરૂઆત થશે. આ દરમિયાન યુદ્ધમાં ફસાયેલા લોકોને કાઢવા માટે હ્યુમન કોરિડોર બનાવવામાં આવશે. ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમૈનુએલ મૈક્રોંની વિનંતીને માન આપીને રશિયાએ સીઝફાયરની જાહેરાત કરી છે.



આ બીજી વખત છે જ્યારે રશિયાએ યુક્રેનમાં સીઝફાયરની જાહેરાત કરી છે. અગાઉ બે શહેરોમાં ૬ કલાક માટે સીઝફાયર લાગુ કરવામાં આવ્યું હતું. તે દરમિયાન ભારતીય નાગરિકોને નીકળવા માટે રસ્તો આપવામાં આવ્યો હતો. મારિયુપોલ, ખારકીવ અને કીવ ખાતે સીઝફાયરની જાહેરાત કરવામાં આવી છે. એક અહેવાલ પ્રમાણે યુક્રેનના જીદ્દઅમાં ૫૦૦ કરતાં પણ વધારે ભારતીયો ફસાયા છે અને તેઓ હાલ નીકળી શકવા માટે અસમર્થ છે. રશિયન સેના દ્વારા સીઝફાયરની જાહેરાત બાદ યુક્રેનમાં ફસાયેલા નાગરિકો ત્યાંથી નીકળી શકશે. રશિયાએ સુમિ માટે ૨ રસ્તા ખોલ્યા છે જે ભારતીયો માટે ઉપયોગી નીવડશે. પહેલો રસ્તો યુની-સુડઝા-બેલગોરોડમાંથી નીકળે છે જ્યારે બીજો રસ્તો સુમી-ગોલુબોવકા-રોમી-લોકવિસ્ટા-લુબને-પોલટાવાનો છે. સંયુક્ત રાષ્ટ્ર, ઓએસસીઈ અને આઈસીઆરસીને આ અંગે જાણ કરી દેવાઈ છે.

# પોલેન્ડ યુક્રેનને ફાઈટર જેટ મોકલશે

## રશિયા સતત યુક્રેન વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી કરી રહ્યું છે : આ પહેલા યુક્રેનને અનેક યૂરોપિયન દેશો તરફથી ૭૦ લડાકુ વિમાન મળવાના હતા, જેમાં મિગ-૨૯ અને સુખોઈ-૨૫ જેવા ફાઈટર જેટ પણ સામેલ હતા

કીવ,તા.૭

યુક્રેનમાં રશિયાએ મોટાપાયે તબાહી મચાવી છે. પશ્ચિમી દેશો દ્વારા આપવામાં આવેલા હથિયારોની મદદથી યુક્રેન રશિયા વિરુદ્ધ વળતો પ્રહાર કરી રહ્યું છે. યુક્રેનને અમેરિકા અને બ્રિટન પાસેથી સતત હથિયારો સપ્લાઈ થઈ રહ્યા છે. તાજેતરમાં પ્રાપ્ત જાણકારી અનુસાર, પોલેન્ડ અને અમેરિકા વચ્ચે યુક્રેનને મદદ પહોંચાડવા બાબતે એક ડીલ થઈ શકે છે. આ પહેલા જાણકારી સામે આવી હતી કે યુક્રેનને અનેક યૂરોપિયન દેશો તરફથી ૭૦ લડાકુ વિમાન મળવાના હતા, જેમાં મિગ-૨૯ અને સુખોઈ-૨૫ જેવા ફાઈટર જેટ પણ સામેલ હતા. અમેરિકન પ્રશાસનના એક સૂત્રએ વોલ સ્ટ્રીટ જર્નલને જણાવ્યું કે, પોલેન્ડ અને અમેરિકા વચ્ચે એક ડીલ થઈ શકે છે, જે અંતર્ગત પોલેન્ડ પોતાના જૂના મિગ-૨૯ ફાઈટર જેટ અને સુખોઈ-૨૫ અટેક એરક્રાફ્ટ યુક્રેનને આપી શકે છે, પરંતુ બદલામાં તેને અમેરિકા પાસેથી એફ-૧૬ લડાકુ વિમાન જોઈએ છે. ચાર અમેરિકન અધિકારીઓએ PoLITICOને

● અનુસંધાન પાન-૭ પર

# નવાબ મલિકને ૧૪ દિવસની કોર્ટ કસ્ટડીમાં મોકલાયા

## દાઉદ અને તેના સહયોગીઓ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં ઈડીએ ૨૩ ફેબ્રુઆરીએ મલિકની ધરપકડ કરી હતી

મુંબઈ, તા.૭

દાઉદ ઈબ્રાહિમ મની



લોન્ડરિંગ કેસમાં મહારાષ્ટ્રના મંત્રી અને એનસીપી નેતા નવાબ મલિકને મુંબઈની સ્પેશિયલ પીએમએલએ કોર્ટે ૧૪ દિવસની કોર્ટ કસ્ટડીમાં મોકલાવ્યા છે. આ અગાઉ ઈડીએ મલિકને ૭ માર્ચ સુધી કસ્ટડીમાં મોકલી દીધા હતા. ભાગેડુ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ અને તેના સહયોગીઓ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં ઈડીએ ૨૩ ફેબ્રુઆરીએ મલિકની ધરપકડ કરી હતી. ધરપકડ બાદ મહારાષ્ટ્ર સરકારમાં અલ્પસંખ્યક બાબતોના પ્રધાન અને એનસીપીના પ્રવક્તા, ૬૨ વર્ષીય મલિકને ૮ દિવસની ઈડી કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતા. જોકે, ગયા ગુરૂવારે તેમની કસ્ટડી વધારીને ૭ માર્ચ સુધીની કરી દેવામાં આવી હતી. ઈડીના અધિકારીઓએ જણાવ્યું હતું કે, મલિકના ૧૯૯૩ના મુંબઈ વિસ્ફોટ સાથે જોડાયેલા લોકો સાથે સંબંધો હતા.

# દબાણ વધતાં ડોલર સામે રુપિયો ૭૭ના તળીયા ભણી

## યુક્રેન રશિયા યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં ભડકો જોવા મળતા ભારતનું ઈમ્પોર્ટ બિલ વધવાની ભીતિ

નવી દિલ્હી, તા.૭

વિદેશી બજારોના નબળા સંકેતો અને ક્રૂડની ક્રૂર ચાલને પગલે આજના સત્રમાં ભારતીય શેરમાર્કેટમાં મસમોટો કડાકો જોવા મળ્યો છે. સામે પક્ષે સેફ હેવન ગણાતા સોના અને ડોલરમાં મક્કમ ચાલ જોવા મળી રહી છે.

શરૂઆતી સત્રમાં એસ એન્ડ પી બીએસઈ સેન્સેકસ ૫૨,૫૪૨નું તળિયું બનાવીને સેન્સેકસ ૧૨ કલાકે ૧૧૬૬ અંકોના કડાકે કારોબાર કરી રહ્યો છે.

યુક્રેન રશિયા યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં ભડકો જોવા મળતા ભારતનું ઈમ્પોર્ટ બિલ વધવાની ભીતિ છે. આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠાને અસરની આશંકાએ રૂપિયો ઐતિહાસિક તળિયે પહોંચ્યો છે. ડોલરની સામે રૂપિયો આજે ૭૭ તરફ આગળ વધ્યો છે.

શેરબજારના કડાકાને કારણે રૂપિયામાં દબાણ વધ્યું હતું અને ૭૭ને સ્પર્શ્યા બાદ સવારે ૧૦:૦૦ કલાક આસપાસ ૭૬.૯૫ પર વેપાર કરી રહ્યો હતો જે અમેરિકી ડોલર સામે ભારતીય કરન્સીનું નીચલું સ્તર છે. અગાઉનો ઘટાડો એપ્રિલ ૨૦૨૦માં લોકડાઉન દરમિયાન કોરોનાના પીક વખતે ૭૬.૮૭ રૂપિયા નોંધાયો હતો.

# એક્ઝીટ પોલ - યુપીમાં ભાજપ અને પંજાબમાં આપની સરકારનું અનુમાન

## મતગણતરી પૂરી થવા સાથે રજૂ થયેલા એક્ઝિટ પોલમાં ગોવા અને ઉત્તરાખંડમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે રસાકસીની સંભાવના, મણિપુરમાં ફરી ભાજપની સરકાર

નવી દિલ્હી, તા.૭

યુપી, પંજાબ, ગોવા, મણિપુર અને ઉત્તરાખંડના એક્ઝિટ પોલ્સના આંકડા જાહેર થઈ ચૂક્યા છે. અલગ-અલગ સાત તબક્કામાં ૧૦ ફેબ્રુઆરીથી ૦૭ માર્ચ સુધીમાં યોજાયેલી ચૂંટણીનો આજે છેલ્લો તબક્કો હતો. અત્યારસુધી આવેલા એક્ઝિટ પોલ્સમાં પંજાબમાં આમ આદમી પાર્ટી સૌથી મજબૂત સ્થિતિમાં જોવા મળી રહી છે. જ્યારે ગોવામાં આ વખતે પણ કોઈ એક પક્ષને બહુમત ના મળે તેવા સંકેત છે, અને રાજ્યમાં કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી પણ બની શકે છે. યુપીની જો વાત કરવામાં આવે તો એક એક્ઝિટ પોલમાં ભાજપની સરકાર બનવાનો અંદેશો વ્યક્ત કરાયો છે, જ્યારે ઉત્તરાખંડ માટે મોટાભાગના એક્ઝિટ પોલ્સ ભાજપની જીતનો દાવો કરી રહ્યા છે

ઉત્તર પ્રદેશ: ઉત્તરપ્રદેશ પર ન્યૂઝ એક્સ-પોલસ્ટાર્ટનો એક્ઝિટ પોલમાં ભાજપ- ૨૧૧-૨૨૫, સમાજવાદી- ૧૪૬-૧૬૦, બીએસપી- ૧૪-૨૪ને બેઠક મળવાની સંભાવના છે.

ગોવા પર ઝી ન્યૂઝના એક્ઝિટ પોલમાં ગોવામાં ભાજપને ૧૫, કોંગ્રેસને ૧૬, આમ આદમી પાર્ટીને ૨ અને અપક્ષોને ૭ બેઠકો મળશે તેવો અંદાજ વ્યક્ત કરાયો છે.

ઉત્તર પ્રદેશ સીએનએન ન્યૂઝ ૧૮ના એક્ઝિટ પોલમાં યુપીમાં ભાજપની સરકાર બનશે તેવી શક્યતા વ્યક્ત કરાઈ છે. તેમાં જણાવાયું છે કે, ભાજપ યુપીની ૪૦૩ બેઠકોમાંથી ૨૪૦ બેઠકો પર વિજય મેળવી શકે છે. જ્યારે સમાજવાદી પાર્ટી ૧૪૦, બીએસપી ૧૭ અને અપક્ષો ૬ બેઠક જીતી શકે છે.યુપી પર પી-માર્કનો એક્ઝિટ પોલ ભાજપ- ૨૪૦, એસપી- ૧૪૦,

● અનુસંધાન પાન-૭ પર

# પશ્ચિમ બંગાળની નિલંજના રે સારેગામાપાની વિજેતા બની

## ટ્રોફીની સાથે ૧૦ લાખનું ઈનામ, રાજશ્રી બાગને ફર્સ્ટ રનર-અપ જ્યારે શરદ શર્મા સેકન્ડ રનર-અપ જાહેર

મુંબઈ, તા.૭

રવિવારે 'સા રે ગા મા પા:



મ્યૂઝિક કા ત્યોહાર'ના વિનરની જાહેરાત કરવામાં આવી હતી. ૧૯ વર્ષની નીલંજના રે સિંગિંગ રિયાલિટી શોની વિનર બની હતી. તેને ટ્રોફીની સાથે ૧૦ લાખ રૂપિયાની ઈનામી રકમ પણ આપવામાં આવી હતી. રાજશ્રી બાગને ફર્સ્ટ રનર-અપ જ્યારે શરદ શર્માને શોનો સેકન્ડ રનર-અપ જાહેર કરાયો હતો.

વિજેતા જાહેર કરાયા બાદ, દર્શકોના દિલ જીતનારી નીલંજના રાયે જણાવ્યું હતું કે, આ ટ્રોફી હાથમાં લઈને મને અત્યંત ખુશી થઈ રહી છે. પરંતુ મારા માટે, મુખ્ય ઉદ્દેશ દર્શકોના દિલ જીતવાનો અને તેમનો પ્રેમ મેળવવાનો હતો. લોકો તરફથી ખૂબ પ્રેમ મળ્યા બાદ, હાથમાં ટ્રોફી લેવી તે મારા માટે બોનસ સમાન છે. નીલંજના રેના માતા-પિતા પણ દીકરીની જીતથી ખુશ છે. હું સા રે ગા મા પાની વિનર બનું તે મારા પેરેન્ટ્સનું સપનું હતું'.

# IPLના પ્રોમોમાં ધોનીનો નવો અવતાર જોવા મળ્યો

## પ્રથમ પ્રોમોમાં મહેન્દ્રસિંહ ધોની બસ ડ્રાઈવરના ધાંસુ લુકમાં નજર આવી રહ્યો છે જે સાઉથ ઈન્ડિયન જેવો છે



નવી દિલ્હી, તા.૭

બીસીસીઆઈએ ઈન્ડિયન પ્રીમિયર લીગનું શેડ્યૂલ રજૂ કરી દીધું છે. સીઝનની પ્રથમ મેચ ચેન્નાઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે રમાશે. લીગ શરૂ થવા પહેલા ઓફિશિયલ બ્રોડકાસ્ટર સ્પોર્ટ્સે નવો પ્રોમો લોન્ચ કર્યો છે. જેમાં એમએસ ધોની પિતાની ભૂમિકા ભજવતા જોવા મળી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ચીનમાં પુનઃ કોરોનાનો ભરડો

બેઈજિંગ, તા.૭

ચીનમાં કોરોના વાયરસનું સંક્રમણ એકવાર ફરીથી ઝડપથી ફેલાય રહ્યું છે. મહામારીની શરૂઆતમાં વુહાનના પ્રકોપ બાદ છેલ્લા ૨૪ કલાકમાં ત્યાં સૌથી વધારે કેસ નોંધાયા છે. નેશનલ હેલ્થ કમિશનના ડેટા પ્રમાણે રવિવારે ચીનમાં કોરોનાના સ્થાનિક રીતે ૨૧૪ સંક્રમિત કેસોની ઓળખ કરવામાં આવી હતી.

IELTS
ગેરંટેડ બેન્ડ બેચ
ફી પરતની લેખિત ગેરંટી સાથે*
UNIQSYNERGY 6359597040

VISITING FACULTIES
NEEDED
Cooperative management Institute in Sector-30, Gandhinagar require **Management Faculties**. Subjects of various training programmes.
Visit Website
www.urimanage.org.in for details.
Apply within 15 days.

જોઈએ છે
સોમનાથ કેળવણી મંડળ સંચાલિત
બાશ્રી વસંતકુંવરબા પ્રાથમિક અને પૂર્વ પ્રાથમિક (ખાનગી) શાળા માટે
આચાર્યા-૧, શિક્ષકો-૮, ક્લાર્ક-૧
પ્રી.પી.ટી.સી., પી.ટી.સી., બી.એ.બી.એડ., બી.એસ.સી.બી.એડ.
કોમ્પ્યુટર શિક્ષક, પી.ટી. શિક્ષક,
ચિત્ર શિક્ષક, ક્લાર્ક (કોમ્પ્યુટરના જાણકાર)
ઉપરોક્ત લાયકાત તથા રસ ધરાવતા ઉમેદવારોએ નીચેના સરનામે દિન-૧૦માં રૂબરૂ / પોસ્ટ / ઈ-મેઈલથી અરજી કરવી.
E-mail id - primaryvasant@gmail.com
સરનામું : બી શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય, સેક્ટર-૨૮, ગાંધીનગર-૩૮૨૦૨૮

Vacancies
Vacancies of Experienced / Fresher is Available for the post of Coordinator in Smart Education, Gandhinagar.
- Qualification -
Graduate in any Stream.
Fluent in English & Computer Knowledge are must.
Walk in Interview on 3 to 6 p.m. Form Tuesday to Friday of present Week.
Sf-6, 7, 8 Sarthak Fortune Mall, Near-City Pulse Theater, Randesan Road, Kudasan, Gandhinagar.
Mo. 9558346858